શિયાળાની ઋતુ એટલે વ્યાયામ તથા રમતગમતને માણવાની ઋતુ. જો કે આજકાલ રમતગમત એ સીઝનેબલ નહીં પરંતુ પ્રોફેશ્નલ પ્રવૃત્તિ બની ગઈ છે અને તેમાં પણ ક્રિકેટની રમત દેશની સૌથી લોકપ્રિય રમત છે. તાજેતરમાં ભારતીય ક્રિકેટ ટીમે ઓસ્ટ્રેલિયાની ટીમને તેની ધરતી પર પરંપરાગત ટેસ્ટ ક્રિકેટમાં ધૂળ ચટાવી ઐતિહાસિક જીત હાંસલ કરતા દેશના તમામ ક્રિકેટ રસિયાઓ ખૂબ આનંદિત થઈ જવા પામ્યાં છે. ગાંધીનગરમાં નાના ભૂલકાંઓ પણ હવે ક્રિકેટ ક્ષેત્રે કારકિર્દી બનાવવા ધગશથી મહેનત કરી રહ્યાં છે અને શિયાળાની સવાર અને સાંજ બંને સમયે શહેરના મેદાનો પર ક્રિકેટની પ્રેક્ટીસ કરતાં કે મેચ રમતાં બાળકો જોવા મળી રહ્યાં છે. શહેરના સે. ૮ માં સમર્પણ ગ્રાઉન્ટ પર ગાંધીનગર સ્પોર્ટસ એકેડેમી ખાતે બાળકો નાની વયથી ક્રિકેટમાં કેરિયર બનાવવાના સપનાં સાથે પદ્ધતિસરની તાલીમ મેળવી રહ્યાં છે અને તનતોડ મહેનત પણ કરી રહ્યાં છે.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

હવે તમારે ગુરુજીના મોંમાંથી લાળ પડે છે તેમાં દૂર રહી પ્રણામ કરવાની જરૂર નથી. એમને વેક્સીન લઈ લીધી છે...!!

તપોવન સર્કલ પાસે ભરબપોરે ચપ્પાની અણીએ વેપારીને લુંટી લેવાયો

એકટીવા પર આવેલા ત્રણ શખ્સોએ ૯૦ હજારનો સોનાનો દોરો, ૨૦ હજારનો મોબાઈલ ફોન અને રોકડા સાત હજાર લઈ ફરાર

ગાંધીનગર, તા.૨૯

એપોલો સર્કલ થી તપોવન સર્કલ તરફ જતા માર્ગ પર ભર બપોરે અમદાવાદના વેપારીને ચપ્પાની અણીએ લુંટી લેવાયા છે. વેપારી પાસેથી બે તોલાનો સોનાનો દોરો, મોબાઈલ ફોન અને સાત હજાર રૂપીયા રોકડા લઈ બે શખ્સો એકટીવા પર ફરાર થઈ ગયા હતા. વેપારીએ અડાલજ પોલીસ મથકે રૂ.૧.૧૭ લાખની લુંટ અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ન્યુ રાણીપ આર્યવીલા ફેલટ ખાતે રહેતા સતિષભાઈ દશરથભાઈ પટેલ અને તેમના નાના ભાઈ નયનભાઈ આર્યુવેદિક દવાનું વેચાણ કરે છે. ત્યારે ગત તા.૨૭ ના રોજ નયનભાઈ પોતાનું ઈટર્નો લઈને કણભા ગામે દવા વેચવા માટે ગયા હતા. દવા વેચીને તે બપોરે અઢી વાગ્યાના અરસામાં એસ.પી.રીંગ રોડ પર પસાર થઈ રહ્યા હતા. ત્યારે એપોલો સર્કલ થી તપોવન સર્કલ તરફ જવાના માર્ગ પર અચાનક ત્રણ શખ્સોએ વેપારીના ઈટર્નોના આગળ એકટીવા ઉભુ કરી દીધુ હતું. એકટીવાક ચાલકે વેપારીને ગાળો બોલી લાફો ઝીંકી મોબાઈલ લઈ લીધો હતો. ત્યારબાદ ઈટર્નોની ચાવી કાઢી છરો બતાવતા જે કંઈ હોય તે આપી દેવા જણાવ્યું હતું. છરો જોઈને વેપારીએ દોડવાની કોશિશ કરતા બે શખ્સોએ તેમને પકડી રાખ્યા હતા. જયારે અન્ય એક શખ્સે વેપારીને કપાળ, હાથ, અને કમરના ભાગે છરો માર્યો હતો. મારામારી દરમિયાન રોકડા સાત હજાર અને વેપારીએ પહેરેલ ગળામાં સોનાનો દોરો લુંટી શખ્સો એકટીવા પર ફરાર થઈ ગયા હતા. વેપારીએ એકટીવા નંબર જોતા જી.જે.૦૧.યુ.એલ.-૩૦૪૭ હતો. છરા થી ઈજાગ્રસ્ત વેપારીને ૧૦૮ દ્વારા ચાંદખેડાની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા. સમગ્ર બનાવ અંગે મોટાભાઈને વાત કરતા તેઓએ અડાલજ પોલીસ મથકે સોનાની ચેઈન, મોબાઈલ અને રોકડા સાત હજાર મળી કુલ રૂ.૧.૧૭ લાખની લુંટ અંગેનો ગુનો નોંધાતા પોલીસ દોડતી થઈ હતી.

શહેરમાં પ્રજાસત્તાક પર્વની વિવિધ સંસ્થાઓમાં ઉજવણી કરવામાં આવી હતી. શહેરના સેક્ટર-૧૯ ખાતે શેરો પોઝિટીવ બાળકો માટેના સ્પેશ્યિલ ચિલ્ડ્રન હોમ ખાતે સંચાલક સંસ્થા જે.ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશન દ્વારા ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સંસ્થાના ચેરમેન અનુપભાઈ પરીખ, ડાયરેક્ટર તથા કાઉન્સિલર દિપાલીબેન ઉપાધ્યાય તથા પ્રિન્સિપાલ ડૉ. ચિરાગ ઉપાધ્યાય સહિત હોદ્દેદારો તથા શિક્ષકો અને બાળકો ઉપસ્થિત રહ્યાં હતા.

ગુજરાત સાહિત્ય સંગમની પાદપૂર્તિ સ્પર્ધામાં દેશ વિદેશના ૧૦૭ સર્જકોએ ભાગ લીધો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના 'ગુજરાત સાહિત્ય સંગમ' દ્વારા આયોજિત પાદપૂર્તિ સ્પર્ધામાં નાના ગામડાંથી માંડીને કેનેડા સુધીના ૧૦૭ સર્જકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો જેમાં સૌથી નાની વયના સ્પર્ધક ૨૦ વર્ષના અને સૌથી મોટી વયના સ્પર્ધક ૮૨ વર્ષના હતા. આ સ્પર્ધામાં નિયત નિયમો અનુસાર જે ૩ વિજેતા પસંદ કરવામાં આવ્યાં તેમાં પ્રથમ ક્રમે કિશોર જિકાદરા, દ્વિતિય ક્રમે ઊર્મિલા વી. સવસાણી અને તૃતીય ક્રમે પૂર્વી અપૂર્વ બ્રહ્મભટ્ટનો સમાવેશ થાય છે. સ્પર્ધામાં આવેલી ૧૦૭ રચનાઓ પૈકી ૫૨ રચનાઓ છંદમાં હતી જેમાંથી આ વિજેતા પસંદ કરવામાં આવ્યાં છે. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રો. ડૉ. પીયૂષ ચાવડાએ સેવાઓ આપી હતી. સ્પર્ધામાં વિજેતા સર્જકોને આયોજકો દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યાં છે અને તેમને પુરસ્કૃત અને સન્માનિત કરવાનો કાર્યક્રમ આગામી સમયમાં યોજવામાં આવશે જેની પત્ર લખીને આયોજકો દ્વારા જાણ કરાશે.

પાટનગરમાં બી.યુ. પરમિશનના નિયમોનું અસરકારક અમલીકરણ કરવા માંગ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં બી.યુ. પરમીશન અંગેના નિયમોનું અસરકારક અમલીકરણ થાય તેવી માંગ જાગૃત નાગરિક અને વસાહત મહામંડળના અગ્રણી કશ્યપ મહેતાએ કલેક્ટર અને કમિશનરને પત્ર લખી કરી છે.

મહેતાએ તેમના આ પત્રમાં જણાવ્યુ છે કે ગાંધીનગરમાં રહેણાંક અને વ્યવસાયના હેતુઓ માટેની બાંધકામની સ્કીમો લાંબા સમયથી પૂરજોશમાં ચાલી રહી છે. આ પૈકીની ઘણી સ્કીમોમાં પઝેશન આપી દેવામાં આવ્યા છે. પરંતુ કેટલાક પાસે બી.યુ. પરમીશન નથી. બી.યુ. પરમિશન વગરની સ્કીમોમાં ગ્રાહકોને અન્યાય ના થાય અને કોઈ અન્ય મુશ્કેલીનો સામનો કરવો ના પડે તે માટે આનું કડક અમલીકરણ થાય તે જરૂરી છે.

પાટનગરમાં સરકારે રાહતદરે ફાળવેલા પ્લોટમાં લાંબા સમય સુધી બાંધકામ નહિ કરી યુ.ટી.સી. નહિ લેનારાઓ સામે જોગવાઈ કરાઈ હતી. તેવી જોગવાઈ સ્કીમના નકશા-પ્લાન મુજબ બાંધકામ માટે થાય તે ચકાસવા જોઈએ. આવી સ્કીમોને પણ પરમીશન આપવાની કાર્યવાહી માટે પણ અભિયાન હાથ ધરવુ જોઈએ તેવી માંગણી તેમણે આ પત્રમાં કરી છે.

ગાંધીનગરમાં વૃક્ષોની સંખ્યા સવિશેષ છે. વર્ષો સુધી વન વિભાગ અને સ્થાનિક વસાહતીઓએ જતન કરી વૃક્ષો ઉછેર્યા છે. વિકાસ કાર્યો માટે વૃક્ષોનું છેદન થાય ત્યારે પર્યાવરણ પ્રેમી તરીકે અને ગાંધીનગરના નિવાસી તરીકે દુઃખ તો ચોક્કસ થાય છે સાથે જ જ્યારે કોઈ બીન જરૂરી રીતે વૃક્ષોને નુકશાન પહોંચાડે કે ડાળીઓ તોડે ત્યારે પણ તકલીફ તો ચોક્કસ થાય છે. પોતાના પાલતુ જાનવરોને ખવડાવવા માટે કેટલાક પશુપાલકો લીલા વૃક્ષોની ડાળીઓ તોડતા હોવાનુ સામે આવ્યુ છે. જાનવરોને ઘાસચારો ખરીદીને ખવડાવવાના બદલે આ રીતે લીલા વૃક્ષોને નુકશાન પહોંચાડવાનુ કૃત્ય ખરેખર વખોડવા લાયક છે.

ખૂણેખાંચરેથી

- શનિ-રવિ દરમ્યાન ગુરૂકુળ સ્કૂલ કેમ્પસમાં યોગ શિબિરનું યોગ બોર્ડ દ્વારા આયોજન કરાયુ છે.
- ગાંધીનગર જિલ્લામાં રૂ. ૧૨ કરોડ ૪૧ લાખનું મૂલ્ય ધરાવતી ૨૩૫૩ મે. ટન મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે.
- સોમવારના રોજ ગાંધીનગર શહેર કોંગ્રેસની કારોબારી સમિતિની બેઠક બોલાવવામાં આવી છે.
- સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ તંત્રએ ધીમી ગતિએ તેનો ગીયર બદલ્યો છે.
- ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ ભારતીય જનતા પક્ષે ૨૦૦ જેટલી બેઠકો આજ સુધીમાં ગ્રામ્ય વિસ્તારમાં યોજી છે.
- ગાંધીનગર જિલ્લામાં આજે સતત બીજે દિવસે શહેર-જિલ્લામાં એક સરખા કેસ નોંધાયા છે.
- રાજ્ય ચૂંટણી પંચે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ આરોગ્ય વિષયક પગલાં અંગેની માર્ગદર્શિકા તેમજ શાસક પક્ષના સભ્યોએ પાળવાની થતી આચારસંહિતાને લઈ આદેશો જારી કર્યા છે.
- માર્ગ સલામતિ માસની ઉજવણીને લઈ ગાંધીનગર આર.ટી.ઓ. કચેરી દ્વારા વિડીયો ક્લીપો બનાવવાની કવાયત હાથ ધરાઈ છે.

ચિલોડા ગાંજા કેસના બે આરોપીને એસઓજી પોલીસે રાજસ્થાનથી ઝડપ્યા

ગાંધીનગર, તા.૨૯

ચિલોડા-હિંમતનગર નેશનલ હાઈ વે પર છાલા પાસેથી ગત જાન્યુઆરી-૨૦ માં અલ્ટો કારમાંથી ૩૩.૦૫૧ કિલોગ્રામ ગાંજો પોલીસે ઝડપી પાડ્યો હતો. એક હોટલ પાસે હિન્દી ભાષામાં નંબર પ્લેટવાળી કાર શંકાસ્પદ લાગતા પોલીસ તપાસ કરવા માટે જઈ રહી હતી. તે દરમિયાન ચાલકે કાર હિંમતનગર તરફ દોડાવી મુકી હતી. પોલીસે કારનો ફિલ્મી ઢબે પીછો કરતા ડ્રાઈવર કાર અંધારામાં મુકીને ભાગી ગયો હતો. પોલીસે આર.જે.૨૪. સી.એ.-૫૮૫૨ નંબરની કારમાં ચેક કરતા ગાંજાના ૧૫ પેકેટ મળી આવ્યા હતા. પોલીસે પેકેટનો વજન કરતા ૩૩.૦૫૧ કિલો ગ્રામ થયો હતો. પોલીસે ગાંજો અને કાર મળી કુલ રૂ.૨,૯૮,૩૦૬ ની કિમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ ગાંજા પ્રકરણમાં એસઓજી પીઆઈ ડી.બી.વાળાના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ એમ.બી. ગજ્જરની ટીમે રાજસ્થાનમાં રહેતા મોહનલાલ ઉર્ફે બંટી હિરાલાલ મીણા (રહે.ધોઈન્દી, રાજસમંદ) અને ધર્મેન્દ્રસિંહ ઉર્ફે રાજુ ચંદ્રસિંહ રાવલ (રહે. નઈઆબાદી રાજસમંદ)ને પકડી પાડ્યા હતા. એસઓજી પોલીસે બે આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સમગ્ર રાજ્યમાં હાડ થીજવતી ઠંડી

અમદાવાદ, તા.૨૯

ગુજરાતમાં હાડ થીજવતી ઠંડી પડી રહી છે. આ સીઝનમાં અત્યાર સુધીના સૌથી કોલ્ડેસ્ટ ડેનો સામનો ગુજરાતીઓ કરી રહ્યાં છે. ત્યારે ગુજરાતીઓને હજુ બે દિવસ કાતિલ ઠંડીનો સામનો કરવો પડશે. ગુજરાતમાં હજુ ૨ દિવસ સિવિયર કોલ્ડવેવની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આી છે. રાજકોટ, ભાવનગર અને પોરબંદરમાં કોલ્ડવેવની આગાહી કરાઈ છે. ગુજરાતમાં હાડ થીજવતી ઠંડીથી લોકો રીતસરના ઠૂઠવાયા છે.

રાજ્યનું સૌથી ઠંડુ શહેર કચ્છનું નલિયા રહ્યું છે. રાજ્યના ૯ શહેરોનું તાપમાન ૧૦ ડિગ્રી કરતાં ઓછું નોંધાયું છે. કચ્છના નલિયાનું તાપમાન ૪ ડિગ્રી પર પહોંચી ગયું છે. પાટનગર ગાંધીનગરનું તાપમાન ૮.૨ ડિગ્રી નોંધાયું છે. તો નાગઢના કેશોદનું તાપમાન ૮ ડિગ્રી નોંધાયું છે.

લીમ્બડીયા કેનાલ પાસે ચોરીના એકટીવા સાથે એક વ્યકિત ઝડપાયો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર એલસીબી-૧ પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ વી.કે.રાઠોડ અને જવાનો રણાસણ સર્કલ પાસે પેટ્રોલીંગમા હતા તે સમયે મોટા ચિલોડા જતા માર્ગ પર લીમ્બડીયા કેનાલ પાસે આવતા એએસઆઈ રણજીતસિંહ અને કોન્સ્ટેબલ જીગ્નેશભાઈને સંયુકત રીતે બાતમી મળી હતી કે લીમ્બડીયા નજીક એક વ્યકિત નંબર વિનાના ચોરીના એકટીવા સાથે ઉભો છે. જેને પગલે પોલીસે તાત્કાલીક સ્થળ પર જઈને રાજ ઉર્ફે રોનક હરેશભાઈ શેખા (રહે. એફ વોર્ડ-૨૨૦ કુબેરનગર અમદાવાદ) ને પકડી પાડી એકટીવાના આધાર પુરાવા માંગતા તે યોગ્ય જવાબ આપી શક્યો ન હતો. પોલીસે ઉંડાણપૂર્વક પુછતાછ કરતા તેણે છ માસ પહેલા કુબેરનગર રાજાવીર સર્કલ પાસેથી એક ભંગારનો વેપાર કરતા વ્યકિત પાસેથી બે હજાર રૂપીયામાં લીધુ હતું. પોલીસે એકટીવાનો સોફટવેરની મદદથી તપાસ કરતા તેનો નંબર જી.જે.૦૧. એલ.યુ.-૭૧૧૪ હોવાનું સામે આવ્યું હતું. પોલીસે એકટીવાની કિં.૨૦ હજાર ગણીને શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દોઢેક વર્ષ પૂર્વે થયેલા ઉવારસદ મર્ડર કેસમાં આરોપીને આજીવન કેદ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના ઉવારસદ ખાતે દોઢેક વર્ષ પૂર્વે ઘરની ઓશરીમાં સુતેલા બુધાજી ખોડાજી ઠાકોરને ગળાના ભાગે દાંતી મારીને મોત નીપજાવનાર આરોપી બુધાજી સેંધાજી ઠાકોરને આજે ગાંધીનગરની સેશન્સ કોર્ટમાં ગુનેગાર ઠેરવીને ક્રિ.પો. કોડની કલમ ૨૩૫(૨) તળે ઈપીકો કલમ ૩૦૨ અંતર્ગત આજીવન કેદની સજા તથા રૂ. ૨૫ હજારનો દંડ ફટકાર્યો છે. જો આરોપી દંડ ના ભરે તો દિન-૨૫ની સાદી કેદની સજા તથા ઈપીકો કલમ ૪૫૨ અંતર્ગત ૩ માસની સખત કેદ અને રૂ. ૫ હજારનો દંડ, જો દંડ ના ભરે તો વધુ પાંચ દિવસની સાદી કેદનો તથા જીપી એક્ટની કલમ ૧૩૫ના ગુના સબબ ૧૫ દિવસની સાદી કેદની સજા ફરમાવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે મૃતકની પુત્રી આરતીની ફરિયાદ અંતર્ગત અડાલજ પોલીસ સ્ટેશને તા. ૩ જી જુલાઈ ૨૦૧૯ના રોજ નોંધાયેલા ગુના અંતર્ગત ગાંધીનગરની પ્રિન્સિપાલ ડિસ્ટ્રીક્ટ અને સેશન્સ જજ એન.સી. રાવલની કોર્ટમાં ચાલેલા આ કેસમાં સરકારી વકીલ જીજ્ઞેશ જોષીએ ચલાવેલી અને કેસના અંતમાં કરેલી દલીલો તથા પુરાવાના આધારે આ ચુકાદો આપવામાં આવ્યો છે જેમાં બાવળ કાપવાના સંદર્ભેથયેલી બોલાચાલીમાં આરોપીએ મૃતક પર હુમલો કર્યો હતો.

સેક્ટર-૨૪ ખાતેથી ચોરીના બાઈક સાથે બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર,તા.૨૯

ગાંધીનગર એલસીબી પોલીસ-૧ની ટીમે સેકટર-૨૪ જુની પોલીસ ચોકી પાસેથી બે શખ્સોને નંબર વિનાના બાઈક સાથે ઝડપી પાડ્યા હતા. પોલીસે બે શખ્સોના નામ પુછતા પ્રકાશ ઉર્ફે લાલો નાથાભાઈ પરમાર અને અડાલજ હુડકો ખાતે રહેતા વિજય ઉર્ફે વિક્કી રામાભાઈ વાલ્મિકી હોવાનું ધ્યાને આવ્યું હતું. પોલીસે નંબર વિનાના બાઈક અંગેના કાગળો માંગતા તેઓ સંતોષકારક જવાબ આપી શક્યા ન હતા.જયારે આ બાઈક ત્રણ દિવસ પહેલા જ સેકટર-૧૬ આર વર્લ્ડ પાસેથી ચોરી કરી હોવાનું જણાવ્યું હતું. પોલીસે બાઈક જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ઘરમાં રહો સુરક્ષિત રહો

SHARE INDIA SECURITIES LIMITED
CIN : L67120GJ1994PLC115132
Registered Office: Unit No. 604A-B, 605A-B, 6th Floor, Tower A, World Trade Centre, Gift City, Block-51, Zone-5, Road 5E, Gift City, Gandhinagar, Gujarat-382355; Tel: 011-43011000
E-mail ID:vikas_cs@shareindia.com Website: www.shareindia.com

NOTICE

Notice is hereby given that the Meeting of the Board of Directors of the Company is scheduled to be held on Saturday, February 06, 2021 at 14, Dayanand Vihar, Vikas Marg Extn., Delhi-110092, inter-alia :

a) to consider and approve the Unaudited Standalone and Consolidated Financial Results of the Company for the quarter and nine months ended on 31st December, 2020.

b) to consider payment of 2nd Interim Dividend for the Financial Year 2020-2021.

(This Notice is available on the website of the Stock Exchanges, where the Shares of the Company are listed i.e., **www.bseindia.com, www.nseindia.com** and on Company's website **www.shareindia.com**)

For Share India Securities Limited
Sd/-
Vikas Aggarwal
Company Secretary & Compliance officer

Place : Delhi
Date : 29.01.2021

ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા
વર્ષ - ૨૦૨૦-૨૧
ગાંધીનગર મહાનગરપાલિકા
બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

ટેન્ડર નંબર	કામનું નામ	ટેન્ડર ફી	ઈ.એમ.ડી.
૬૦/૨૦૨૦-૨૧	Operation and Maintenance of Garden at T P no. 19, (Raysan) and CH-0 island both side of Road, Pandit Deendayal Upadhyay Circle, Sardar Chowk Circle at Kudasan, Ch-0 Flagpole, Maharana Pratap Circle at Pethapur in GMC Area	રૂ. ૧૫૦૦/-	રૂ. ૩૦,૩૮૩/-

ટેન્ડર ફોર્મ તા. ૩૦/૧/૨૦૧ થી તા. ૧૫/૨/૨૦૨૧ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓન લાઈન વેબસાઈટ **www.nprocure.com** પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીના નામે તા. ૧૬/૨/૨૦૧ થી ૨૨/૨/૨૦૨૧ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ઓપનીંગ તા. ૨૪/૨/૨૦૨૧ કરવામાં આવશે.

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર

માહિતી/૧૮૭૮/૨૦-૨૧

ટેન્ડર નોટીસ-૨૦૨૦-૨૧
જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર ગાંધીનગર
સ્થાનિક સ્વરાજની ચૂંટણી-૨૦૨૦

કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી ગાંધીનગર દ્વારા આગામી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત તથા નગરપાલિકાઓની સામાન્ય / પેટા ચૂંટણી-૨૦૨૧ના કામે મતપત્ર છાપકામ (હરીફ ઉમેદવારો) માટેની કામગીરીમાં રસ ધરાવતી સંસ્થાઓ / એજન્સી પાસેથી ટેન્ડર મંગાવવામાં આવે છે.

- ટેન્ડર ફોર્મ કલેક્ટર કચેરીની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી શાખામાંથી જાહેરાત તા. ૩/૨/૨૦૨૧ના ૧૫.૦૦ કલાક સુધી મળી શકશે.
- ટેન્ડર ફોર્મ ભરી સીલબંધ કવરમાં અત્રે રૂબરૂ અથવા ટપાલ મારફત તા. ૬/૨/૨૦૨૧ સુધીમાં ઓફીસ સમય દરમિયાન મળે તે રીતે મોકલી આપવાના રહેશે.
- તા. ૮/૨/૨૦૨૧ના રોજ ૧૨.૦૦ કલાકે ટેકનીકલ બીડ ખોલવામાં આવશે.
- તા. ૮/૨/૨૦૨૧ના રોજ ૧૫.૦૦ કલાક કોમર્શિયલ બીડ ખોલવામાં આવશે.
- સ્થળ : કમિટી રૂમ, પહેલો માળ, કલેક્ટર કચેરી, જિલ્લા સેવા સદન, ગાંધીનગર

સહી/-
જિલ્લા ચૂંટણી અધિકારી
અને
કલેક્ટર, ગાંધીનગર

સ્થળ : ગાંધીનગર
તા. ૨૯/૧/૨૦૨૧
માહિતી/૧૮૮૪/૨૦-૨૧